# શ્રી નાની દશકોશી રોહીત સમાજ

પંચભુવન, ભુવાલડી, તા. દસ્ક્રોઈ, જી. અમદાવાદ.

## બંધારણ

### કલમ-૧ સગપણ

**સગપણ પહેલાં જોવા જવા બાબત :**

છોકરા કે છોકરી પક્ષે ઘરઘાટ જોવા જવા બંન્ને પક્ષોએ આશરે ૨૧ માણસોએ જ જવું. વધુ માણસો લઈ જવા નહીં જેમ બને તેમ નિયંત્રણ રાખવું. જમણવાર તેમજ કોઈ પ્રકારની લેવડ-દેવડ વહેવાર કરવો કે કરાવવો નહીં. કલમ ભંગ બદલ રૂા. ૧,૦૦૦/- દંડ લેવાશે.

**સગપણની વિગત :**

(૧) ઉંમર લાયક છોકરા-છોકરીના સગપણ માટે પ્રથમ છોકરીના બાપને ત્યાં છોકરા પક્ષના કુલ ૨૧ માણસોએ જ જવું. છોકરીની ઉંમર ૧૮ વર્ષ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ પુરી હોવી જોઈએ.

(૨) ચાંલ્લા કરી ગોળ-ધાણાં વહેંચવા અને ઓઢણીના રૂા. ૧૦૧/- વહેવાર કરવો. ૫૦૦ ગ્રામ મીઠાઈ ઉપર રૂા. ૧૦૧/- આપવો તથા બ્રાહ્મણને રૂા. ૨૧+૨૧=૪૨ બંન્ને પક્ષે આપવા. આ સિવાય બીજી કોઈ વસ્તુની લેવડ-દેવડ કરવી-કરાવવી નહિં. સગાઈ કે લગ્ન વધાવવાની વિધિ એક સાથે હોય તો પણ કલમ મુજબ વહેવાર કરવો.

(૩) **લગ્ન વધાવવા :**

લગ્ન વધાવવા કન્યા પક્ષના કુલ ૨૧ માણસોએ જ જવું. રૂા. ૧/- છોકરાને ચાંલ્લો કરીને આપવો. ચાલુ ચલણનો રૂપિયો જ આપવો. ચાંદી કે સોનાનો સિક્કો આપવો નહિં.

| | |
|---|---|
| રૂા. ૫૦/- | જ્ઞાતિ ફાળો |
| રૂા. ૧૦૦/- | કેળવણી ફાળો |
| રૂા. ૨૫/- | વસ્તી પંચના |
| રૂા. ૨૧/- | ધર્માદાના |
| રૂા. ૨૦/- | શ્રીફળ-દીપના |
| રૂા. ૨૧૬/- | કુલ |

(૪) **જમણવાર :**

લગ્ન વધાવવા જાય ત્યારે વરપક્ષે જમણવારમાં કોઈપણ એક મિષ્ટાનની સાથે, દાળ, ભાત, શાક, પુરી, ફરસાણ આપવાના રહેશે. લાપસી પીરસવી નહિં.

(૫) **સગપણ તોડવા બાબત :**

સગપણની વિધિ પહેલાં સગુ નિકળે છે કે સગુ પસંદ નથી તેવી ચોખવટ કરી લેવી. તેમજ છોકરા - છોકરીને બદનામ કરીને સગપણ તોડવું નહીં. તેમજ સગુ પસંદ નથી તેમ કરીને સગાઈ તોડવામાં આવશે તો કસુરવારનો રૂા. ૧૦૦૦/-દંડ લેવામાં આવશે.

## કલમ-૨ લગ્ન

(૧) **વરોંટી :**

કન્યા પક્ષેથી વર તેડવા જવાની પ્રથા સદંતર બંધ છે. તેમજ કલમ - ૧ (૪) મુજબ જમણવાર આપવો. વરોંટીની બેઠકમાં ભાણાનો વહેવાર 'ભાણું પંચમાં' ટહુકો કરાવી મહેમાન પંચમાં ભાણું મુકવું.

(૨) **જાનની વિગત :**

વર તથા બ્રાહ્મણ સાથે જાનૈયાઓની વધુમાં વધુ ૯૧ માણસોએ જવું. ઓછા લઈ જઈ શકાશે. વધુ જાનૈયા લઈ જઈ શકાશે નહિં અને કન્યા પક્ષે પણ ૯૧ જાનૈયાઓને જ જમણ આપવાનું રહેશે. તે સિવાય વધારે જાનૈયાઓને જમાડવા નહીં. આ બાબતે પંચમાં કોઈપણ સભ્ય તરફથી ૩૦ દિવસમાં લેખિત ફરિયાદ આવશે તો બંન્ને પક્ષનો રૂા. ૧૦૦૦+૧૦૦૦=૨૦૦૦/- દંડ કરવામાં આવશે. જમણવારમાં કલમ-૧(૪) મુજબ જમાડવા.

(૩) **કુંવાસી તથા વસ્તી (મહોલ્લો) :**

મહોલ્લામાં ચા, પાણી કરાવનારને કંઈ આપવું નહિં. સગી કે ગામની કુંવાસીના ત્યાં ચ્હા-પાણી કરીને સન્માન રૂપે આપી શકાશ.

(૪) **જાનમાં મહિલાઓ :**

જાનમાં મહિલાઓને લઈ જવા પર કડક નિયંત્રણથી બંધ કરેલ છે. જાનમાં મહિલાઓ લઈ જનાર તેમજ કન્યા પક્ષે જમાડનાર બંન્ને ગુન્હેગાર ગણાશે. જાનમાં પાંચ દિકરીઓને લઈ જઈ શકાશે. કસુરદારનો રૂા. ૧૦૦૦+૧૦૦૦=૨૦૦૦/- દંડ કરવામાં આવશે તેમજ કલમ-૧૨(૧૪) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૫) **જાન આગમન :**

(ક) જાન ૧૧ થી ૧૨ વાગ્યા સુધીમાં જ આવે, મોડું કરવું નહીં.

(ખ) જાન આવે કે તરત જ જાનીવાસે લઈ જવી. મોસાળીયા અને વરને માંડવે વધાવી લેવા. વર તોરણ માંડવે તરત જ કરવું.

(ગ) વર તોરણ વખતે કળશમાં રૂા. ૧/- નાંખવો અને બ્રાહ્મણને રૂા. ૧૦/- વર પક્ષેથી આપવા.

(ઘ) **વરણતોરણ જમણ :**

વર તોરણ બાદ કલમ-૧(૪) મુજબ જમણ આપવું. વર રાજાને પણ જાન જમે ત્યાં જમાડવાના રહેશે. વર ભાણું બંધ કરેલ છે. તેમજ બંન્ને પક્ષે ઉપવાસ કરવા નહીં. ગોળ કે પરગોળના મહેમાનોને લોટો આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(૬) **ચોરીની વિધી :**

(૧) ચોરી મુહુર્ત પ્રમાણે કરવી. ચોરીના સમગ્ર કામ માટે વરપક્ષે કન્યા પક્ષના બ્રાહ્મણને રૂા. ૫૦૦/- આપવાના બાંધવામાં આવે છે.

(૨) ચોરીના કન્યાદાનમાં કન્યા પક્ષે વરપક્ષને તાંબાનું બેડું, બાજઠ અને રૂા. ૧૦/- આપવાના રહેશે. જેનો વહીવટ બેઠક વખતે કરવો.

તા.ક. : જે પરગણા તરફથી લગ્નમાં આપણા પરગણા પંચને બેડું આપવાનો રિવાજ હશે તેમને જ બેડું આપવું. બેડું ન આપતા હોઈ તેમને વરતિયામાં રૂા. ૧૦૧/- તથા બાજઠ આપવો. આ કલમના ભંગ કરનાર-કરાવનારને રૂા. ૫૦૧/- દંડ લેવામાં આવશે.

(૭) **દાપાની વિગત :**

રૂા. ૫૫૨૬/- અંકે રૂપિયા પંચાવનસો છવ્વીસ વરપક્ષે કન્યા પક્ષને દાપાના આપવા. જેમાં આણાંની રકમનો પણ સમાવેશ કરવામાં આવે છે. લગ્ન બાદફરી આણું તેડવાની પ્રથા બંધ કરવામાં આવે છે. દાપુ પંચનો બોલ એવો ટહુકો પાડવો.

**(૧) કન્યા પક્ષે આ પ્રમાણે ફરગત જુદી કરવાની છે.**

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦૦-૦૦ | મોસાળ પક્ષ મામાને સગાના આપવા (ગમે તેટલા મામા હોય) |
| રૂા. | ૫૦-૦૦ | કાકા દીઠ સગાના |
| રૂા. | ૫૦-૦૦ | ફોઈ, માસી, મોટી બહેન દરેકને વ્યક્તિગત સગાના આપવાના રહેશે. |
| રૂા. | ૫૧-૦૦ | વરપક્ષના બ્રાહ્મણને વરતીયાના આપવા. |
| રૂા. | ૨૫૧-૦૦ | કુલ |

**(૨) વરપક્ષે આ પ્રમાણે ફરગત જુદી કરવાની છે.**

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦/- | વસ્તીના આપવા. |
| રૂા. | ૫૦/- | જ્ઞાતિ ફાળો |
| રૂા. | ૧૦૦/- | કેળવણી ફાળો |
| રૂા. | ૨૫/- | ધર્માદાના |
| રૂા. | ૨૦/- | શ્રીફળ-દીપના |
| રૂા. | ૩૫/- | કન્યા પક્ષનો બ્રાહ્મણને દાપું આપવું (વરપક્ષે રૂા. ૩૫/- અને કન્યા પક્ષે રૂા. ૧૫/- કુલ રૂા. ૫૦/-) આપવા. |
| રૂા. | ૧૦૦/- | વર પક્ષે મેળામણીના તથા રૂા. ૧૦૦/- કન્યાપક્ષે મેળામણીના લાગતા વળગતાને બંધ બેસતી મેળવણી આપવી નહીં. |
| રૂા. | ૩૮૦/- | કુલ ફરગત વરપક્ષ તરફથી |

## (૮) જાન વળામણા :

(૧) કન્યા પક્ષનાઓએ મહોલ્લાના નાકા સુધી વળામણા કરવા જવું અને વરને ચાંલ્લો કરવો રૂા. ૫૦/- સ્ત્રીઓને ભાગોળે આવવા. રાવણુ કે અન્ય બીજી કોઈ લેવડ-દેવડ કરવી નહિં. આ કલમનો ભંગ કરનાર-કરાવનાર તમામ પંચના ગુન્હેગાર ગણાશે અને રૂા. ૧૫૧/- દંડ લેવામાં આવશે. અણવર પ્રથા બંધ કરવામાં આવે છે. આણું પાચ દિવસનું રહેશે. આણાના કપડાં સાથે પેટી આપવી.

(૨) **નોંધ :**

લગ્ન બાદ વરપક્ષે કન્યાને તેડવા એકજ વ્યક્તિએ જવું. આણું તથા તેનો વહેવાર લગ્ન પ્રસંગે થઈ ગયેલ હોઈ ફરીવાર આણાનો કે બીજો કોઈ વહેવાર કરવો નહીં. કન્યાપક્ષે તેડવા આવનારને રૂા. ૧૦૧/- આપવા. લીલો માંડવો જોવાનું બંધ કરેલ છે.

## કલમ-૩ ન છોરવી કન્યાના પુર્નઃ લગ્ન

ન છોરવી કન્યાને લેવા ફક્ત ૫૧ (બ્રાહ્મણ સાથે) માણસોએ જવું. આંસડી / પલ્લુ ચઢાવવાની તથા વ્યવહાર વિધિ એ જ દિવસે કરવી.

### (૧) દાપુ અને વ્યવહાર :

રૂા. ૪૬૨૬/- અંકે રૂપિયા છેતાલીસો છવ્વીસ દાપુ વરપક્ષે કન્યા પક્ષને આપવા તથા પલ્લુ ચઢાવવાના દાગીના તથા કપડાં સાથે આપવા. દાપામાં આંસડી તથા પલ્લુનો વ્યવહાર સામેલ છે. જેથી આંસડી, પલ્લુ સાથે રૂા. ૪૬૨૬/- દાપાનો ટહુકો પાડવો.

### (૨) વરપક્ષે નીચે મુજબ ફરગત કરવી :

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦/- | વસ્તીના આપવા. |
| રૂા. | ૫૦/- | જ્ઞાતિ ફાળો |
| રૂા. | ૧૦૦/- | કેળવણી ફંડ |
| રૂા. | ૨૫/- | ધર્માદાના |
| રૂા. | ૨૦/- | શ્રીફળ-દીપના |
| રૂા. | ૫૦/- | વરપક્ષના મેળવણીના તથા રૂા. ૫૦/- કન્યા પક્ષના મેળવણીના |
| રૂા. | ૨૯૫/- | કુલ |

### ૩) કન્યાપક્ષે ફરગત (દાપામાંથી) સગાના :

રૂા. ૧૦૦/- મોસાળ મામાના સગાને (ગમે તેટલા મામા હોય)

રૂા. ૫૦/- કાકા દીઠ સગાના

રૂા. ૫૦/- ફોઈ, માસી, મોટી બહેન વ્યક્તિગત સગાના આપવા.

રૂા. ૧૦૦/- વરપક્ષને વરતીયાના આપવા

રૂા. ૨૫/- વરપક્ષના બ્રાહ્મણને વરતિયાના આપવા.

(આ કલમના ભંગ બદલ રૂા. ૫૦૧/- દંડ લેવામાં આવશે.)

તા.ક. : બે મોસાળ હોય તો વરપક્ષેથી મામાના અલગ સગાના રૂા. ૧૦૦/- આપવા.

(૪) **વરતિયાનું આણું વહેવાર :**

વરતિયાનું આણું તેડવા કન્યાપક્ષે ફક્ત ૧૧ માણસોએ જવું

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦૧/– | કન્યાપક્ષે વરપક્ષને આપવા |
| રૂા. | ૧૧/– | ધર્માદાના |
| રૂા. | ૧૧/– | બ્રાહ્મણના |
| રૂા. | ૨૫/– | વસ્તીપંચના આપવા |
| રૂા. | ૧૪૮/– | કુલ |

(આ કલમના ભંગ બદલ રૂા. ૧૫૧/– દંડ લેવામાં આવશે.)

## કલમ-૪ સંતાનવાળી કન્યાના પુર્નઃ લગ્ન

વરપક્ષે કન્યાને લેવા બ્રાહ્મણ સાથે ૪૧ માણસોએ જવું અને આંસડી તથા પલ્લુ ચઢાવવાની તથા સમગ્ર વ્યવહારની વિધિ એ જ દિવસે કરવી. કલમ-૧(૪) મુજબ જમણ આપવું.

(૧) **ભાણાંની વિગત :**

રૂા. ૩૨૨૬/– અંકે રૂપિયા બત્રીસો છવ્વીસ વરપક્ષે કન્યાપક્ષને દાપાના આપવા. આંસડી તથા પલ્લાની રકમ સામેલ છે. જેથી આંસડી તથા પલ્લા સાથે રૂા. ૩૨૨૬/– નો 'પંચનો બોલ' ટહુકો પાડવો. પલ્લુ તથા કપડાં, દાગીના આંસડીનો વહેવાર કરવો.

(૨) **વરપક્ષે નીચે મુજબ ફરગત કરવી :**

| | |
|---|---|
| રૂા.૫૦/– | વસ્તીના આપવા. |
| રૂા.૫૦/– | જ્ઞાતિ ફાળો |
| રૂા.૧૦૦/– | કેળવણી ફંડ |
| રૂા.૨૫/– | ધર્માદાના |
| રૂા.૨૦/– | શ્રીફળ-દીપના |
| રૂા.૫૦/– | વરપક્ષના મેળવણીના તથા રૂા. ૫૦/– કન્યા પક્ષના મેળવણીના |
| રૂા.૨૯૫/– | કુલ |

(૩) **કન્યા પક્ષે ફરગત (દાપામાંથી) સગાના :**

| | |
|---|---|
| રૂા. ૧૦૦/– | મોસાળ મામાના સગાને (ગમે તેટલા મામા હોય) |
| રૂા. ૫૦/– | કાકા દીઠ સગાના |
| રૂા. ૫૦/– | ફોઈ, માસી, મોટી બહેન વ્યક્તિગત સગાના આપવા. તેમજ બે મોસાળ હોય તો વરપક્ષેથી અલગ સગા કરવા. |

(૪) **કન્યા પક્ષે વરતિયાનું આણું વહેવાર :**

વરતિયાનું આણું તેડવા વર પક્ષે ફક્ત ૭ માણસોએ જવું

રૂા. ૧૦૧/- કન્યાપક્ષે વરપક્ષને આપવા આણું તેડવા ૭ માણસોએજવું.

રૂા. ૨૧/- ધર્માદાના

રૂા. ૨૧/- બ્રાહ્મણના

રૂા. ૨૫/- વસ્તીપંચના આપવા

રૂા. ૧૬૮/- કુલ

કલમનો ભંગ કરનાર-કરાવનાર બધા પંચના ગુન્હેગાર ગણાશે અને વ્યક્તિદીઠ રૂા. ૧૦૦/- દંડ લેવામાં આવશે. વધારાની લેવડદેવડ પંચમાં જમા લેવામાં આવશે.

## કલમ-૫ સીમંતોનયન વિગત :

(૧) **સીમંતની વિગત :**

કન્યા પક્ષે પોતાની યથા શક્તિ પ્રમાણે દર દાગીના તથા કપડાં આપવા. મામેરાની છાબ ઉપર રૂા. ૧૦૧/- મુકવા. તિજોરી, ફ્રીઝ, ટીવી, ઘરઘંટી, વોશીંગ મશીન જેવી વસ્તુઓ આધુનિક ઉપકરણો વિગેરે આપવા નહીં, અને મામેરાનો 'શ્રીકૃષ્ણાપર્ણ' ટહુકો પાડવો.

(૨) કલમ-૧(૪) મુજબ જમણ આપવું. મહેમાનોને ઘરમાં બેસાડી અલગ રીતે સરભરા કે જમાડવા પર ચુસ્તપણે બંધ કરવામાં આવે છે.

(3) **કન્યાપક્ષ તરફથી :**

રૂા. ૫૦/- વસ્તીના આપવા.

રૂા. ૫૦/- જ્ઞાતિ ફાળો (બંન્ને પક્ષે ૫૦+૫૦=૧૦૦/- રૂા.)

રૂા. ૧૦૦/- કેળવણી ફંડ

રૂા. ૨૫/- ધર્માદાના

રૂા. ૨૦/- શ્રીફળ-દીપના

રૂા. ૨૪૫/- કુલ

(૪) **વળતર :**

સોના ચાંદીના દાગીના, વાસણો, વીકાસપત્રો, સાડી કે ભેટ સોગાદ ચાંલ્લા કે વસ્તુનું સીમંત પ્રસંગે વળતર આપવાનું તેમજ વળતર લેવાનું બંધ કરવામાં આવે છે. આ કલમનો ભંગ કરનાર/કરાવનાર પાસેથી રૂા. ૫૦૧/- દંડ લેવામાં આવશે.

(૫) **ભાણું :**

સીમંત પ્રસંગે ભાણું કાઢવું અને 'ભાણું પંચમાં' ટહુકો કરાવી મહેમાન પંચમાં મુકવું.

## કલમ-૬ છુટાછેડા :

**ન છોરવી કન્યા :**

કોઈપણ ગોળ કે પરગોળમાં વિવાદ ઉભો થાય ત્યારે બંન્ને પક્ષોએ તેમની રીતે વિવાદનો ઉકેલ લાવવા પ્રયાસ કરવો. તેમ છતાં ઉકેલ ન આવે તો પંચમાં અરજી કરવી. પંચમાં ગુણદોષ તપાસી યોગ્ય નિર્ણય કરશે. બને ત્યાં સુધી બંન્નેનો સંસાર સુખરૂપ ચાલે તેવા પ્રયત્નો કરશે. તેમ છતાં છૂટા-છેડા લેવાનો પ્રશ્ન ઉભો થાય તો આ પ્રમાણે વ્યવહાર કરવો.

**કન્યા :** રહેવા ના માંગતો હોય તો કન્યા પક્ષે વરપક્ષને રૂા. ૫૫૫૫/–આપવા.

**પતિ :** કન્યાને રાખવા ના માગતો હોય તો પતિપક્ષેથી કન્યા પક્ષને રૂા. ૫૫૫૫/– આપવાં. આ કલમનો ભંગ કરનારને સમાજને યોગ્ય લાગે તે શીક્ષા કરશે.

(૨) **સંતાનવાળી કન્યાના છૂટાછેડા :**

સીંમત બાદ તકરાર કે અન્ય કારણો ઉભા થાય તો પંચમાં અરજી કરવી. પંચ પક્ષકારોની તપાસ કરી નિર્ણય લેશે. જે કસુરવાર જણાય તે પક્ષે રૂા. ૫૫૫૫/– આપવા.

**કન્યા :** જો કન્યા કસુરવાર જણાય અને કન્યા રહેવાની ના પાડે તો રૂા. ૫૫૫૫/– વરપક્ષને આપે કન્યાપક્ષ વરપક્ષ પાસેથી સીંમતમાં આવેલા દર દાગીના પરત માંગી શકશે નહીં.

**પતિ :** જો પતિ પક્ષ કસુરવાર જણાય તો પત્નીને રાખવાની ના પાડે તો રૂા. ૫૫૫૫/– કન્યાપક્ષને આપવા તથા કન્યાપક્ષ પાસેથી સીંમતમાં આવેલ દર દાગીના, વસ્તુ, કન્યાપક્ષને પરત કરવાના રહેશે. આ કલમનો ભંગ કરનારને રૂા. ૧૦૦૦/– દંડ કરવામાં આવશે.

તા.ક. : કોઈપણ પરણિત કે અપરણિત વ્યક્તિ પોતાના પતિ કે પત્નીની હયાતીમાં કે હયાતિ સિવાય કોઈપણ સાથે ગેરકાયદેસર લગ્ન કે પુર્નઃલગ્ન કરે યા પ્રેમ સંબંધો બાંધે તેવી બાબતો કોર્ટ તથા પોલીસ અધિકારીની હોઈ પંચમાં અરજી લેવામાં આવશે નહીં. ભરણ-પોષણ અને મિલ્કતના હક્ક દાવા માટે, ચોરી, મારામારી, ઘરેલું ત્રાસ, તેમજ સ્ત્રી અધિકારની ફરીયાદ બાબતે પંચને સત્વરે જાણ કરવી અથવા પ્રમુખ/મહામંત્રીશ્રીને દીન – ૩૦ માં જાણ કરવી. કલમ ૪૯૮–ક માટે સંયમ જાળવવો.

## કલમ-૭ ભાણું આપવા બાબત :

ભાણું કાઢવું અને 'ભાણું પંચમાં' ટહુકો કરાવી મહેમાન પંચમાં મુકવું. તથા ભાણું બધા પરગણાને આપવું.

## કલમ-૮ વેવાણવટ કરવા બાબત :

લગ્ન બાદ કે સીંમત બાદ કે ખર-ખબરે સ્ત્રીઓ વેવાણવટ કરવા જાય ત્યારે ફક્ત એકજ વખત સાડીઓ પહેરાવવાની રહેશે.

## કલમ-૯ સામાજીક પ્રસંગોમાં આમંત્રણ :

લગ્ન, પુર્નલગ્ન, સીંમત જેવા સામાજિક પ્રસંગોએ નોતરૂં દેવા બ્રાહ્મણને મોસાળમાં જ મોકલવો. બાકીની નોતરાંની પ્રથા બંધ છે.

## કલમ-૧૦ મરણ પાછળ કારજ :

મરણ પાછળ કારજ કરવામાં માશિહોમાં રાંધી જમાડવાનું સદંતર બંધ કરેલ છે. પંચપાઠ, પંચાતી, યા અન્ય પ્રસંગો કરી આ નિમિત્તે કોઈપણ પ્રસંગે જમાડવવાનું બંધ કરવામાં આવે છે. 'પ્રેત ભોજન' બંધ છે. આમ છતાં મરણબાદ શ્રદ્ધાંજલી રૂપે આયોજિત ભજનમાં ફક્ત કુંવાસીઓ, અંગત સગાઓને બોલાવવા, પરગણાના આગેવાનોને બોલાવવા નહીં. કલમનો ભંગ કરનારનો રૂા. ૫૦૦/– દંડ લેવામાં આવશે.

## કલમ-૧૧ મરણ, માસિહો અને ખાંપણ :

(૧) મરણ બાદ બેસણું અનુકુળ દિવસે સવારે ૯ થી ૧૨ સુધી જ રાખવું. બેસણાં કે માસિહોના પ્રસંગે ગોરાણી બોલાવી નહીં. રોવા કુટવાની પ્રથા બંધ કરવામાં આવે છે. બેસણાના સ્થળે ચ્હા પીવડાવવાનું સદંતર બંધ કરવામાં આવે છે. કોગળો આપવાનું પણ બંધ કરેલ છે. પરંતુ સ્મશાન યાત્રા બાદ કોગળો આપવો. આ સ્થળે બીડી, તમાકું, ગુટકા બંધ કરવામાં આવેલ છે.

(૨) શોક ભગાવવા વિધવાબેન પિયરમાં જાય ત્યારે તેને શોકની (પોથની) સાડી બદલાવવી. આ સિવાય ગુજરનાર પક્ષના માણસો તેમની સાસરી કે મોસાળમાં શોક ભગાવવા જાય ત્યારે પણ શોકની સાડીને બદલે રૂા. ૫૦/- રોકડાનો વહેવાર કરવો. બેસણામાં કુંવાસીઓ/ સાળીઓ વિગેર લગાતાવળગતાને શોકના રૂા. ૧૦/- આપવા. ગુજરનારને ત્યાં અંગત સગાઓ કુંવાસીઓ માટે શોક ભગાવવા જરૂરી જમણવાર કરવો મરજીયાત છે.

(૩) <u>ખાંપણ :</u>

મરણ પ્રસંગે વ્યકિતની એકથી વધુ સાસરી અથવા પિયર થતાં હોઈ તો દરેક સાસરી તથા પિયર દીઠ રૂા. ૫૦૦/- ખાંપણના આપવાના રહેશે. વિધાવાબાઈના પિયરપક્ષ તરફથી પોથના કપડાં સફેદ આપવાના રહેશે.

(૪) ચાંદીના કંકણ આપવા મરજીયાત છે. આથી વધુ આપનાર-લેનાર - અપવાનારનો રૂા. ૧૦૦/- દંડ લેવામાં આવશે. અપરણિત ભાણી-ભાણિયાના મરણ બાદ મોસાળ પક્ષેથી કફનના રૂા. ૨૦૦ આપવા

## કલમ-૧૨ પ્રકિણ બાબતો :

(૧) <u>જ્ઞાતિ ફંડ :</u>

લગ્ન, પુર્નઃલગ્ન તથા સીંમત પ્રસંગે બંન્ને પક્ષ પાસેથી રૂા. ૫૦ + ૫૦ = ૧૦૦/- લેવા. કેળળણી ફંડના રૂા. ૧૦૦/- લેવા. જે ગામના આગેવાનોને જમા કરાવવાના રહેશે.

(૨) <u>સમાજના રીત-રીવાજો :</u>

સમાજના રીતી-રીવાજો ભંગ કરનારનો સમાજ ન્યાય કરતું હોઈ ત્યારે કોઈ વ્યક્તિઓએ ખોટી રીતે દખલગીરી કરવી/કરાવવી નહીં. તેમજ ખોટો પક્ષ ખેંચી ધમાલ કરવી નહીં. કસુરદારનો રૂા. ૫૦/- દંડ કરાશે.

(૩) <u>ગુપ્ત વહેવાર :</u>

કોઈપણ પ્રસંગોમાં તથા છુટાછેડા વખતે કોઈપણ વ્યક્તિ કલમ વિરૂદ્ધ નાણાંની લેવડ-દેવડ કરી શકશે નહિં. કસુરદારે આવી રકમ પંચમાં જમા કરાવવાની રહેશે અને રૂા. ૫૦૧/- દંડ કરવામાં આવશે.

(૪) <u>કેફી-પીણાં :</u>

સમાજના નાના-મોટા પ્રસંગો અને પંચની મિટીંગમાં કેફી ચીજ, કેફીપીણાં પીવા કે પીને આવવું નહીં. કલમ ભંગ કરનારને રૂા. ૫૦/- દંડ કરવામાં આવશે. અને જો પંચની જવાબદાર વ્યકિત, હોદ્દેદારો, કમિટી સભ્યો, ગામ આગેવાનો કસુરદાર જણાશે તો રૂા. ૧૦૧/- દંડ લેવામાં આવશે. અને તે વ્યક્તિને તે ટર્મ પુરતી હોદ્દા ઉપરથી રદ કરવામાં આવશે.

(૫) કોઈપણ વ્યકિત એક પતિ કે પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરી શકશે નહીં. કસુરદારનો રૂા. ૨૦૦૦/- દંડ કરવામાં આવશે.

(૬) કોઈ પણ વ્યક્તિએ સમાજના બંધારણનો ભંગ કરેલ છે. તેવું કહી બીજી વ્યક્તિને બદનામ કરશો તો રૂા. ૨૫/- દંડ કરવામાં આવશે અને જો સાચું નામ આપનાર સામે આ વ્યક્તિ કીન્નાખોરી રાખી ધાક-ધમકી આપશે તો રૂા. ૨૫/- દંડ કરવામાં આવશે.

(૭) હાયડા-ખજુર કે મીઠાઈ આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(૮) **બંધારણ મુક્ત બાબત :**

જે વ્યક્તિએ બંધારણનો ભંગ કર્યો હોય અને પંચ બંધારણના નિયમો તથા નિર્ણયને માન્ય ન રાખતો હોય તેવા કેસમાં જે તે ગામનો અભિપ્રાય લેવો અને મુદત આપવી. અભિપ્રાય આવ્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. બંધારણ મુક્ત બાબતે ઉતાવળ કરી નિર્ણય કરવો નહીં.

(૯) **નિમણુંક :**

ગામ આગેવાનોની નિમણુંક સંબંધિત ગામેથી કરવી. વ્યવસ્થાપક કમિટીઓ તથા હોદ્દેદારોશ્રીઓની દર બે વર્ષે સમાજમાં નિમણુંક કરવી. દર બે વર્ષ ૨૬ મી જાન્યુઆરી એજ નિમણુંક કરવી. આકસ્મિક કારણોસર નિમણુંક ન થાય તો સમગ્રને નવી નિમણુંક ન થાય ત્યાં સુધીના સમય પૂરતા ચાલુ રહેશે.

(૧૦) **બંધારણના ભંગ બદલ :**

પંચ બંધારણનો કોઈપણ વ્યક્તિ અનાદર કે ભંગ કરશે અને તેની તપાસ માટે પંચમાં રૂબરૂ જ્યાં અને જ્યારે સમાજ બોલાવે ત્યારે હાજર થવાનું રહેશે. અનાદર કે જાણી બુઝીને ગેરહાજર રહે તો સમાજનો માણસ રૂબરૂ બોલાવવા જશે. તે બાબતની તમામ ખર્ચની જવાબદારી ગુન્હેગારને શીરે રહેશે. જો ગુન્હેગાર વ્યક્તિ ન આવે તો સમાજ ગામ આગેવાનોનો જવાબ માંગશે. ત્યારબાદ આવા કેસોમાં કલમ-૧૨(૮) મુજબ કાર્યવાહી કરવાની રહેશે. અને તેની પાસેથી સમાજની થાપણ કે મિલ્કત તાત્કાલિક સમાજ લઈ લેશે અને તેનો સમાજ પંચની કોઈપણ મિલ્કતમાં લાગભાગ કે હિસ્સો માંગી શકશે નહી અને તેને સમાજ પંચમાં આવવા વિનંતીથી લેખિત અરજી આપવી પડશે. ત્યારબાદ પુન: વિચારણા થશે. આવા કેસોમાં કોઈપણ વ્યક્તિ પંચ વિરૂદ્ધ, પોલીસ કે કોર્ટમાં ફરિયાદ કરી શકશે નહીં. કલમનો ભંગ કરનારનો સમાજપંચને યોગ્ય લાગે તે શિક્ષા કરશે.

(૧૧) **લગ્ન કે પુર્ન:લગ્ન :**

લગ્ન કે પુર્ન:લગ્ન વખતે જે જુના મોસાળ પક્ષ અથવા સાસરી પક્ષ હોઈ અને જો વધારાના સગા કરવાની જરૂરિયાત ઉભી થાય તો સમાજના બંધારણ મુજબ વરપક્ષ તરફથી અલગ સગાની રકમ વધારાની આપવાની રહેશે. આ કલમ મરજીયાત છે.

(૧૨) **બંધારણના જુના ઠરાવો :**

બંધારણના જુના ઠરાવો સામે પગલા લેવા માટે કેટલાક ઠરાવો છે. જેમાં નવેસરથી બંધારણ થાય તો પણ જુના ગુન્હાની સમાજ વસુલાત કરશે. જેથી અગાઉના ઠરાવોના ગુન્હા માટે પણ પગલાં લેવા.

(૧૩) મામેરાંમાં ભાણી-ભાણેજના લગ્ન પ્રસંગ સમયે મામેરીયા તરફથી ભાણી-ભાણેજના વાસણો મુકાવવા બંધ છે.

**(૧૪) સમાજના નાના-મોટા પ્રસંગો :**

સમાજના નાના-મોટા પ્રસંગોએ નક્કી કરેલ માણસો કરતાં વધારે લઈ જનાર તેમજ જમાડનાર પંચનો ગુન્હેગાર ગણાશે. આ કલમનો ભંગ બદલ બંન્ને પક્ષે રૂા. ૧૦૦૦/- +૧૦૦૦/- દંડ લેવામાં આવશે. આ બાબતે કોઈપણ સભ્ય તરફથી ત્રણ માસમાં લેખિત ફરીયાદ આપવાથી કાર્યવાહી થશે.

**(૧૫) પ્રસંગોમાં વાંજીત્રો બાબતે :**

પ્રસંગોમાં વાંજીત્રો બાબતે પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે છે. બેન્ડવાજા, વિડીયો, ફોટોગ્રાફી તથા વરઘોડો કાઢશે તેણે સમાજ પંચને રૂા. ૫૦૦/- દાન પેટે આપવાના રહેશે. કલમનો ભંગ કરનાર સામે કલમ-૧૨ (૧૨) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**(૧૬) બીજવર :**

બીજવર પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. એટલે બીજવર કુંવારી કન્યા સાથે ગોળ કે પરગોળમાં લગ્ન કરી શકશે નહીં. તેમજ કુંવારી કન્યા ગોળ કે પરગોળમાં બીજવર સાથે લગ્ન કરી શકશે નહીં. આમ છતાં અપંગ-વિકલાંગ કન્યા બાબતે છુટછાટ રહેશે. આ કલમનો ભંગ કરનારને રૂા. ૫૦૦૦/- દંડ કરવામાં આવશે.

**(૧૭) લગ્નમાં મામેરૂ :**

પહેલાં ભાણી કે ભાણીયાના લગ્નમાં મોસાળ પક્ષ.તરફથી યથા શક્તિ મામેરૂ આપવું. બીજી ભાણી-ભાણીયાના લગ્નમાં રૂા. ૧૦૦૧/- તથા બહેનને ફક્ત એક જોડ કપડાં આપવા. પરંતુ દાગીનો આપી શકાશે નહીં. રૂા. ૧૦૦૦/- થી ઓછી રકમ આપી શકાશે. વધારે આપી શકાશે નહીં. બીજા ભાણીયાઓને રૂા. ૨૫/- લેખે આપવા કસુરવારને યોગ્ય શિક્ષા કરવામાં આવશે.

(૧૮) સમાજ પંચના હોદ્દેદારો, કમિટી સભ્ય, ગામ આગેવાન સભ્યને કોઈપણ વ્યક્તિ અપમાનીત કરે તો પંચ આવી વ્યક્તિને યોગ્ય શિક્ષા કરશે.

**(૧૯) સ્નેહમિલન અને સમારોહ :**

સ્નેહમિલન અને સમારોહ દર વર્ષે દીવાળી પછી ઓક્ટોબર કે નવેમ્બરમાં 'સ્નેહમિલન' 'તેજસ્વી તારલાં' સમારોહનું આયોજન કરવું. જેમાં પરગણાના સમાજના 'તેજસ્વી તારલાં' પ્રતિષ્ઠીત અને નિવૃત થયેલા તથા નવી ઉચ્ચતમ નોકરીઓ મેળવનાર સફળ વ્યક્તિઓનું સન્માન કરવું.

**(૨૦) પંચની એકતા :**

પંચની ઓળખ ભવિષ્યમાં કોઈપણ નાની-મોટી બાબતોએ કોઈ મડાગાંઠ ઉદ્‌ભવે અને કોઈ સુખરૂપ ઉકેલ ન આવે તો આ બાબતે ઉતાવળે નિર્ણય કરવો નહીં. પંચમાં સલાહ સૂચન અને ચર્ચા કર્યા બાદ જ પરિસ્થિતિને અનુરૂપ મહદ્ અંશે સર્વાનુમતે નિર્ણય કરવો. જરૂર પડે તો બહુમતીના મંતવ્યો પ્રમાણે નિર્ણય કરવો.

**(૨૧) મહેમાન પંચ :**

મહેમાન પંચમાં વસ્તીના બે ભાઈઓને બોલાવે ત્યારે જવું તે સિવાય ખાસ સગા સિવાય કોઈએ જવું નહીં.